HGH INDIA 2018 SM
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE

**Post-show Report**

A TEXZONE Event

**Where business feels at home!**

### એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮

# વધુ નવીનતા લાવે છે વધુ વ્યવસાય

સાતમી આવૃતિના સફળતાપૂર્વકના સંચાલન બાદ એચજીએચ ઇન્ડિયાએ ફરીથી એકવાર તેના હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સ વગેરેના કાર્યક્ષમ અને સફળ ટ્રેડ શો તરીકે પોતાનું સ્થાન મેળવ્યું છે, જેમાં તેનું સંપૂર્ણ ધ્યાન ભારતીય બજાર પર હતું. પ્રદર્શકો અને મુલાકાતીઓ તેમના વર્તમાન અને ભવિષ્યના સંભવિત ભાગીદારોને મળવાની તકથી ખુશ હતા. પ્રદર્શનકર્તાની સંખ્યામાં ૨૦ ટકા અને ટ્રેડ વિઝિટર્સની સંખ્યામાં ૧૪ ટકાનો વધારો થયો હતો. પ્રદર્શકો દ્વારા પ્રસ્તુતિની ગુણવત્તામાં પણ ઘણો બદલાવ આવ્યો હતો, જે આ ટ્રેડ શોના મહત્ત્વને દર્શાવતો હતો.

એચજીએચ ઇન્ડિયાની આ વર્ષની હાઇલાઇટ્સ શ્રેણી મુજબ ત્રણ હૉલની ફાળવણી હતી. હોમ ટેક્સટાઇલ્સ હૉલ નંબર-૧, હોમ ડેકોર અને ગીફ્ટ્સ હૉલ નંબર-૨ અને હાઉસ વેર તથા ગીફ્ટ્સ હૉલ નંબર-૩માં. આ વિશિષ્ટતાને મુલાકાતીઓ અને પ્રદર્શકો બન્નેએ વખાણી હતી કારણ કે તેઓ તેમના સંબંધિત લક્ષ્ય ઉત્પાદનો પર સરળતાપૂર્વક ધ્યાન કેન્દ્રીત કરી શકતા હતા. આને કારણે હાઉસવેર અને હોમ ડેકોરની શ્રેણીને સારી મદદ મળી હતી. એચજીએચ ઇન્ડિયામાં તેમને એક આગવી ઓળખ અને દ્રશ્યતા મળી હતી.

વર્લ્ડ ક્લાસ શો, ટ્રેન્ડ સેટિંગ અને પરિણામલક્ષી ટ્રેડ શો તરીકે પોતાની હાજરી મજબૂત બનાવતા એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮એ તેના પ્રદર્શકોને ભારતીય રિટેલર્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ, ઇમ્પોર્ટર્સ, હોલસેલર્સ, ઇન્ટિરિયર ડિઝાઇનર્સ, ઇન્સ્ટિટ્યુશનલ બાયર્સ તેમ જ ટ્રેડ બાયર્સને દરેક હોમ પ્રોડક્ટ કેટેગરી સાથે જોડ્યા હતા.

સળંગ સાતમા વર્ષે ઘરેલુ તેમ જ આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો અને ટ્રેડ વિઝિટર્સની સંખ્યામાં થયેલા વધારાને જોતા એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮એ હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેઅર અને ગીફ્ટ વર્ટિકલની શ્રેણીમાં ભારતના ટોચના ટ્રેડ શો તરીકેની ઓળખ મેળવી છે.

ભારતીય અને આંતરરાષ્ટ્રીય ઉત્પાદકો, બ્રાન્ડ, આયાતકારો અને નિકાસકારોમાં વેપારને પ્રોત્સાહન આપવા માટે આ ટ્રેડ શો મહત્ત્વપૂર્ણ ફોરમ બની રહેશે. ઘરેલુ ઉત્પાદનો માટે ભારતીય ડોમેસ્ટિક માર્કેટની સંભાવના વધારવામાં આગળ પડતી ભૂમિકા










નિભાવવા બદલ ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ટેક્સટાઇલ્સ દ્વારા મહારાષ્ટ્રની રાજ્ય સરકાર દ્વારા એચજીએચ ઇન્ડિયાની સરાહના કરવામાં આવી છે.

### મુલાકાતીઓ ઉત્સાહિત

ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, હાઇપર માર્કેટ્સ, સ્પેશિયાલિટી સ્ટોર્સ, ઓનલાઇન રિટેલર્સ, પરંપરાગત રિટેલર્સ અને ફ્રેન્ચાઇઝીઓ, ઇમ્પોર્ટર્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ, હોલસેલર્સ, ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સ, કોર્પોરેટ ગીફ્ટ બાયર્સ અને ઇન્ટિરિયર ડિઝાઇનર્સ સહિત ભારતના ૪૮૦ નાના મોટા શહેરના ટોચના રિટેલરોના ૩૪,૯૬૦ ટોચના નિર્ણાયકોએ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ની મુલાકાત લીધી હતી જે ગયા વર્ષની મુલાકાતીઓની સંખ્યા કરતા ૧૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

ભારતીય સોર્સિંગ સિઝનની શરૂઆતમાં વિગતવાર સૂચિ, નવીન ઉત્પાદનો, ઉચ્ચ કક્ષાનું બિઝનેસ વાતાવરણ, સારા સંશોધિત ફેશન ટ્રેન્ડ્ઝ, સુવ્યવસ્થિત સેવાઓ અને ભારતીય બજારો પર ધ્યાન કેન્દ્રીત કરવાની કેટલીક વિશિષ્ટતાઓને કારણે ટ્રેડ વિઝિટર્સ અને

**નવીનીકરણ ■ ટ્રેન્ડ્ઝ ■ ઉત્પાદનો ■ સ્ત્રોતો ■ તકો**

# હોમ ટેક્સટાઇલ, હોમ ડેકોર, હાઉસ વેર અને ગીફ્ટની ખરીદીનો ઓવરવ્યુ

પ્રદર્શકો વારંવાર એચજીએચ ઇન્ડિયાની મુલાકાત લેવાનું અને તેમાં ભાગ લેવાનું પસંદ કરે છે. એક્ઝિટ પોલમાં મુલાકાતીઓએ દર વર્ષે નવા નવા ઉત્પાદનો સાથે તેમને ઉત્સાહિત કરવાની, નવી સેવાઓ અને સગવડો અને પ્રેરણાદાયી નવા બિઝનેસની આઇડિયા આપવાની એચજીએચ ઇન્ડિયાની કાબેલિયતના વખાણ કર્યા હતા.


અગાઉના પ્રદર્શકોના ૮૦ ટકા કરતા વધારે પ્રદર્શકો અને ૯૦ ટકા કરતા વધારે મુલાકાતીઓ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં આવ્યા હતા જે આ પ્રદર્શનનું ખરીદનારાઓમાં અને વેચાણકારોમાં મહત્ત્વ દર્શાવે છે.


### પ્રદર્શકોમાં વધારો


ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પ્રદર્શકોની સંખ્યામાં આશરે ૨૦ ટકા વધારો નોંધાયો હતો. પ્રદર્શનના વિસ્તારમાં ૩૦ ટકા વૃદ્ધિ જોવા મળી હતી. આમાં દરેક પ્રદર્શક દ્વારા લેવામાં આવેલી સરેરાશ મોટી જગ્યાનો પણ સમાવેશ થતો હતો. દુનિયાભરના ૩૦ દેશોના ૬૦૦ ઉત્પાદકો અને બ્રાન્ડે તેમના ઉત્પાદનોને પ્રદર્શિત કર્યા હતા અને એચજીએચ ઇન્ડિયાને ભારતીય બજારનો હોમ પ્રોડક્ટ્સનો સૌથી મોટો ટ્રેડ શો બનાવ્યો હતો. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોની સંખ્યામાં પણ વૃદ્ધિ આવી હતી.


સમગ્ર ભારતની અગ્રણી બ્રાન્ડ્ઝ અને ઉત્પાદકો, જેમાંના કેટલાક નિયમિત રીતે તેમના ઉત્પાદનોનું પ્રદર્શન રાખતા હોય છે, તેમણે રિટેલર્સ અને હોલસેલર્સ માટે તેમના લેટેસ્ટ નવા સંશોધિત ઉત્પાદનો, નવી પ્રોડક્ટ લાઇન્સ અને ટ્રેડ સ્કીમ્સ અહીં લોન્ચ કર્યાં હતાં. કેટલાક ડોમેસ્ટિક માર્કેટના અગ્રણીઓ અને હોમ ટેક્સટાઇલ્સ, મેટ્રેસીસ, હાઉસવેર, હેન્ડીક્રાફ્ટ્સ, ગીફ્ટ અને ડેકોરેટિવ એક્સેસરીઝના અગ્રગણ્ય નિકાસકારોએ એચજીએચ ઇન્ડિયાના પ્લેટફોર્મનો ઉપયોગ કરી ભારતીય બજારોમાં પદાર્પણ કર્યું છે અથવા તો તેમની હાલની માર્કેટ પોઝિશનને મજબૂત બનાવી છે.

ટર્કી, ચીન, તાઇવાનના એક્સક્લુઝિવ ટ્રેડ પેવેલિયન અને ઇટલી, બેલ્જિયમ, જર્મની, નેધરલેન્ડ્ઝ, યુકે, ઓસ્ટ્રિયા, ટર્કી, રશિયા, યુએસએ, જાપાન, ઑસ્ટ્રેલિયા, થાઇલેન્ડ, કોરિયા, શ્રીલંકા, બાંગલાદેશ, યુએઇ અને કેટલાક અન્ય દેશોના વ્યક્તિગત પ્રદર્શકો સાથે આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. કૂકવેર, કિચનવેર, વેલનેસ એન્ડ કિચન અપ્લાયન્સીસ, ટેબલવેર, સ્ટોરેજ, પ્લાસ્ટિક હાઉસવેર ગુડ્સ, ક્લિનિંગ એન્ડ હાઇજીન પ્રોડક્ટ્સ, આઉટડોર પ્રોડક્ટ્સ, હોમ ટેક્સટાઇલ્સ, બ્લાઇન્ડ્સ, મેટ્રેસીસ, ડેકોરેટિવ એસેસરીઝ, ગીફ્ટ અને કાર્યરત સ્થિતિના ઘરેલુ ઉત્પાદનો જેવી પ્રોડક્ટ શ્રેણીમાં તેમણે ઘણા સંતોષજનક બિઝનેસ ફીડબેકના અહેવાલ આપ્યા હતા.




## પ્રદર્શક અને મુલાકાતીઓનો આધાર વધુ મજબૂત થશે.

સળંગ સાતમા વર્ષમાં એચજીએચના પ્રદર્શકો અને મુલાકાતીઓની સંખ્યામાં ભારે વૃદ્ધિ જોવા મળી હતી, જેને કારણે ભારતીય બજારમાં આ શ્રેણીમાં તે સૌથી ઝડપથી વૃદ્ધિ પામતો ટ્રેડ શો બની ગયો હતો. ઉપરના આંકડાઓ અને ગ્રાફિક્સ વરિષ્ઠ નિર્ણાયકો અને માર્કેટ લિડરોમાં પછી તે ખરીદનારા હોય કે વેચનારા હોય તેમનામાં એચજીએચ ઇન્ડિયાની મજબૂત માર્કેટ સ્થિતિ વિશેનો ખ્યાલ આપે છે.

ઉપરાંત ઘણી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્ઝ અને ઉત્પાદકોએ તેમના ઉત્પાદનોને હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર પ્રોડક્ટ્સ, ફર્નિશિંગ ફેબ્રિક્સ, વૉલ પેપર્સ, કારપેટ, વુલન ફ્લોરિંગ અને સિન્થેટિક ફ્લોરિંગ અને હાઉસવેર તથા ગીફ્ટ શ્રેણીમાં ઘણા ભારતીય ડિસ્ટ્રીબ્યુટર્સ અને બિઝનેસ પાર્ટનર્સ દ્વારા તેમના ઉત્પાદનોને પ્રદર્શનમાં મૂક્યા હતા.

### સારા બિઝનેસ પરિણામ

ભારતીય ગ્રાહકો દ્વારા ઉચ્ચ ગુણવત્તાયુક્ત હોમ પ્રોડક્ટ્સની માંગમાં વધારો થયો હોવાની વાતને એચજીએચ ઇન્ડિયાએ સમર્થન આપ્યું હતું. માત્ર સસ્તા અને ઓછી કિંમતના ઉત્પાદનોના વિકલ્પને બદલે ઘણા રિટેલરોએ સારી બ્રાન્ડ વેલ્યુ ધરાવતા સારી ગુણવત્તાવાળા પ્રોડક્ટ્સની શોધ ચલાવી હતી. હાઇ-એન્ડ કૂકવેર, હાઉસવેર, હોમ ટેક્સટાઇલ અને ડેકોર પ્રોડક્ટ્સને ઓફર કરતા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોને ધાર્યા કરતા ઘણો સારો આવકાર મળ્યો હતો.

વિવિધ શ્રેણીઓની જાણીતી ભારતીય બ્રાન્ડ્ઝને ભારતભરના







**દેશભરના ૪૮૦ નાના મોટા શહેરોના આશરે ૩૪,૯૬૦ મુલાકાતીઓ એચજીએચ ૨૦૧૮માં આવ્યા હતા.**

# ૩૦ દેશોના ઉત્પાદકો અને ૬૦૦ બ્રાન્ડના ઉત્પાદનો

ડિલર્સ સહિત બિનપ્રતિનિધિત્વ ધરાવતા વિસ્તારના નવા ડિસ્ટ્રીબ્યુટર્સને મળવાનો અને તેમની સાથે બિઝનેસ અંગે ચર્ચા કરવાનો મોકો મળ્યો હતો. કેટલાક જાણીતા આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોએ જણાવ્યુ હતું કે તેઓ કેટલાક સુસ્થાયી ડિસ્ટ્રીબ્યુટર્સ અને બ્રાન્ડ રિપ્રેઝન્ટેટિવ્સ સાથે જોડાઇ શક્યા હતા અને ભારતના બજારમાં તેમની હાજરીમાં વિસ્તરણ કરવા અંગેની તેમની વાટાઘાટો કાફી સફળ રહી હતી. આ ટ્રેડ શોમાં રિટેલર્સ તેમના કાયમી સપ્લાયર્સને પ્રત્યક્ષ ઓર્ડર આપતા પણ જોવા મળ્યા હતા. ઘણા પ્રદર્શકોને જાણીતી અને પ્રસિદ્ધ રિટેલરોના ટ્રાયલ ઓર્ડર મળ્યા હોવાની વાતનું પણ સમર્થન કરવામાં આવ્યું હતું.

ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો ઘણા ઉચ્ચ સંભવિત ખરીદદારો સાથે વાતચીત અને લાંબા ગાળાની ભાગીદારી કરવા તૈયાર હતા. જેને કારણે ડોમેસ્ટિક હોમ પ્રોડક્ટની માર્કેટમાં તેમની હાજરી વધારવાની તેમને તક મળી હતી.


પ્રદર્શનના સફળતાપૂર્વકના સંચાલન બદલ તેઓ ખુશ હતા. આશરે ૬૦ ટકાથી વધારે પ્રદર્શકોએ આવતા વર્ષે પણ તેમના પ્રોડક્ટ્સ પ્રદર્શનમાં મૂકવા માટે ઇચ્છા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે તેઓ આવતા વર્ષે પણ પ્રદર્શનમાં આવશે અને મોટી જગ્યા રાખશે. મોટા ભાગે બિઝનેસ પર ધ્યાન કેન્દ્રીત કરવાના ટ્રેડ શોની કલ્પનાએ વિકસતી ભારતીય બજારોના ઝડપી અને અસરકારક વપરાશ માટે માર્ગ મોકળો કર્યો હતો.

બેડ અને બાથ લિનન, મેટ્રેસીસ અને પીલોઝ, કાર્પેટ્સ, ફ્લોર કવરિંગ્સ, ફર્નીશિંગ ફેબ્રિક્સ, ટેબલ એન્ડ કિચન લિનન તથા એક્સેસરીઝ, વોલ પેપર્સ, બ્લાઇન્ડ્ઝ, વિન્ડો ડેકોર, હોમ ડેકોર પ્રોડક્ટ્સ, ફૂટવેર, કિચનવેર, ટેબલવેર, જનરલ હાઉસવેર, ગીફ્ટ્સ, હેન્ડિક્રાફ્ટ્સ, ફેગરન્સીસ, સ્પા પ્રોડક્ટ્સ અને અન્ય સંબંધિત ઘરેલુ પ્રોડક્ટ્સ જેવી શ્રેણીમાં પ્રદર્શકોએ એચજીએચ ઇન્ડિયાના પ્લેટફોર્મનો ઉપયોગ કરી મેટ્રો, એ ક્લાસ સિટી તેમ જ ટાયર ટુ અને ટાયર થ્રીમાં આવતા નાના શહેરોમાં તેમની વિતરણ અને રિટેલ વ્યવસ્થાનો વ્યાપ વધારવાનો પ્રયાસ કર્યો હતો.

આઠમો વાર્ષિક એચજીએચ ઇન્ડિયા મુંબઇના બૉમ્બે ઍક્ઝિબીશન સેન્ટર ખાતે ૨-૪ જુલાઇ, ૨૦૧૯ દરમિયાન યોજાશે.

## ભારતના સાંસ્કૃતિક વારસાની પુનઃશોધ




ભારતના અત્યંત કુશળ કારીગરો અને કલાકારો દ્વારા હાથબનાવટના સુંદર ઉત્પાદનોની સમૃદ્ધ ડિઝાઇન અને કળાના વારસા માટે ભારત દુનિયાભરમાં ખ્યાતિ પામેલુ છે. હેન્ડિક્રાફ્ટ્સ, કોઇર, જ્યુટ અને ખાદી જેવી આઇટમોની શ્રેણીમાં ભારતીય કળાના વારસાને આગળ વધારવા અને કેન્દ્રીતરૂપે તેને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારના અને આ વિભાગના અન્ય ઉદ્યોગોના ટેક્સટાઇલ મંત્રાલય, હેન્ડિક્રાફ્ટ વિભાગના ડેવલપમેન્ટ કમિશનરની છત્રછાયા હેઠળ કેટલીક રાષ્ટ્રીય સંસ્થાઓના સથવારે એચજીએચ ઇન્ડિયાએ આ ક્ષેત્રના સંગઠનોમાં એક પહેલ કરી હતી. જુદા જુદા ઘરેલુ ઉત્પાદનો, ભારતીય સાસ્કૃતિક વારસાના ક્ષેત્રના મંત્રમુગ્ધ કરી દે એવા ભારતીય સંસ્કૃતિના ઉત્પાદનોએ રિટેલરોને તેને ગંભીર અને લાંબા ગાળાની બિઝનેસની તક તરીકે જોઇને તેમાં નવા દેખાવ માટે પ્રેરણા આપી હતી.

એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડિક્રાફ્ટ્સ (ઇપીસીએચ), હેન્ડિક્રાફ્ટ મેગા ક્લસ્ટર મિશન (એચએમસીએમ)ની છત્રછાયામાં ઉચ્ચ ગુણવત્તાવાળા હેન્ડિક્રાફ્ટના ઉત્પાદકોએ તેમના એક્સપોર્ટ કલેક્શનનું પ્રદર્શન કરી ભારતીય માર્કેટમાં પ્રવેશ કર્યો હતો અને વિવિધ બનાવટ અને વેરાયટીવાળુ લખનઉનું ચિકનકારી કામ, ભૂજના મેગા ક્લસ્ટરના કલાકારોનું કચ્છી ભરતકામ, લેધરવર્ક, આર્ટ મેટલ વેર, બીડ ક્રાફ્ટ, હોમ ટેક્સટાઇલનું રોગન આર્ટ, હોમ એક્સેસરીઝ અને હાઉસવેર, કોઇર બોર્ડ, નેશનલ જ્યુટ બોર્ડ, કોહેન્ડ્ઝ, કાશ્મીર ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ અને ડિરેક્ટોરેટ ઓફ ઇન્ડસ્ટ્રીઝ, ઉત્તરાખંડ સરકાર વગેરેના સભ્યોએ તેમના કાર્યાલય હેઠળ આવતા ઉત્પાદનોને પ્રદર્શિત કર્યા હતા.

એચજીએચ ઇન્ડિયાએ એક થીમ પેવેલિયન પ્રાયોજિત કર્યુ હતું જેમાં આર્કિટેક્ચર, ઇન્ટિરિયર ડિઝાઇન અને ફેશનના ક્ષેત્રની જાણીતી શૈક્ષણિક સંસ્થા- રચના સાંસદના વિદ્યાર્થીઓ દ્વારા હોમ ટેક્સટાઇલ્સમાં ઇનોવેટિવ એપ્લીકેશન્સ પ્રસ્તુત કરવામાં આવી હતી. ડિઝાઇન એરેના પ્રમુખ આર્કિટેક્ટ શ્રી શૈલેશ પર્વતકર દ્વારા આ પેવેલિયનને ડિઝાઇન કરવામાં આવ્યું હતું.

એચજીએચ ઇન્ડિયા દ્વારા પ્રાયોજિત આ પ્રદર્શનમાં મેટલ, વુડ અને ટેરાકોટાના કેટલાક રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા કલાકસબીઓ અને કારીગરો દ્વારા તેમની કળાનું લાઇવ પ્રસ્તુતિકરણ કરવામાં આવ્યુ હતુ જેને મુલાકાતીઓએ ઘણુ વખાણ્યુ હતું.

## નવી આવૃત્તિ

**એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯**

**૨-૪ જુલાઇ, મુંબઇ**

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯ના ટ્રેડ શોનો આગામી વાર્ષિક કાર્યક્રમ ૪ જુલાઇ, ૨૦૧૯ના રોજ બૉમ્બે ઍક્ઝિબિશન સેન્ટર , ગોરેગામ, મુંબઇ ખાતે એ જ સ્થળ પર યોજવામાં આવ્યો છે. હંમેશની જેમ આયોજકોએ આ આઠમા ટ્રેડ શોમાં પણ નવા સંશોધનો, નવી વિશિષ્ટતાઓ પર ભાર મૂક્યો છે કે જેથી કરીને તે મુલાકાતીઓ અને પ્રદર્શકો માટે વધુ લાભદાયક સાબિત થાય. એચજીએચ ઇન્ડિયાના ટ્રેડ શોને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદને જોતા આગામી વર્ષના પ્રદર્શનમાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોનો ધસારો ઓર વધશે એવુ અનુમાન બાંધવામાં આવે છે. આ ટ્રેડ શોમાં ભાગ લેવા માટે અને પ્રદર્શકો તેમ જ મુલાકાતીઓની વિશેષ કોમેન્ટ્સના લેટેસ્ટ શો વીડિયો અમારી વેબસાઇટ www.hghindia.com પર જોઇ શકાશે.

## ટ્રેન્ડ્ઝ ૨૦૧૮-૧૯





સેન્ટ્રલ થીમ# ટ્રાન્ઝિશન હેઠળ એચજીએચ ઇન્ડિયા દ્વારા ભારતીય હોમ પ્રોડક્ટ્સ માર્કેટમાં ૨૦૧૮-૧૯ના ટ્રેન્ડ્ઝની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

સ્ટુડિયો સહમ + પર્મેન્ટિયર, જર્મનીના સહયોગથી એચજીએચ ઇન્ડિયાની ટ્રેન્ડ્ઝ ટીમની કલ્પનાને અમલમાં મૂકવામાં આવેલા ટ્રેન્ડ્ઝને કારણે ભારતીય ઘરો માટેના નવા ઉત્પાદનોની બનાવટ અને સ્રોત માટેના કલર, ડિઝાઇન ને મટેરિયલ્સમાં પ્રેરણાની દ્રષ્ટિએ સ્પષ્ટ માર્ગ ચીંધવાનો માર્ગ મોકળો થયો હતો. આ ટ્રેન્ડ્ઝનો ટ્રેન્ડ્ઝ બુકમાં પણ સમાવેશ કરવામાં આવ્યો છે જે વેપાર અને ઉદ્યોગવાળાઓ આયોજકો પાસેથી ખરીદી શકે છે.

એક વિસ્તૃત ટ્રેન્ડ પેવેલિયને મુલાકાતીઓને રિયલ કમર્શિયલ પ્રોડક્ટ્સમાં પ્રવર્તમાન હાલના ટ્રેન્ડ્ઝને સમજવામાં મુલાકાતીઓને મદદ કરી હતી. આ વર્ષના ચાર સબ-થીમમાં #સો ફંકી એટ હોમ, #સોફ્ટ શેડ્ઝ ઓફ નેચર, #કલેક્ટર્સ ચેમ્બર્સ અને #સ્માર્ટ બોહામિયન્સનો સમાવેશ થતો હતો જેણે હોમ પ્રોડક્ટ્સ ઉદ્યોગની દરેક શ્રેણી- હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગીફ્ટ્સને આવરી લીધી હતી. ટ્રેન્ડ્ઝ પેવેલિયન માટે ટ્રેન્ડ્ઝ ટીમ દ્વારા પસંદ કરવામાં આવેલા ઉત્પાદનોમાં એચજીએચ ઇન્ડિયા પ્રદર્શકો દ્વારા અનુસરવામાં આવેલા ઉચ્ચ ડિઝાઇન અને સંશોધનના ધોરણો પ્રતિબિંબિત થતા હતા.

## ૮૦%થી પણ વધુ પ્રદર્શકોએ ઉત્તમ બિઝનેસ પરિણામનો અહેવાલ આપ્યો

# મુલાકાતીઓ અને પ્રદર્શકો દ્વારા ઉચ્ચ સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## મુખ્ય મહેમાન



**ડૉ. કવિતા ગુપ્તા,** આઇએએસ,
ટેક્સટાઇલ્સ કમિશનર,
ભારત સરકાર

''એચજીએચ ઇન્ડિયા ટ્રેડ શોમાં આ મારી ત્રીજી મુલાકાત છે અને આ ટ્રેડ શોની સાતમી આવૃતિનો એક ભાગ બનવાનો મને મોકો મળ્યો તે બદલ હું ગર્વ અનુભવું છું. શરૂઆતથી લઇને આજ સુધી આ શોનો સતત વિકાસ થતો રહ્યો છે. તેણે પ્રથમ વર્ષથી જ હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર ને ગીફ્ટ ઉદ્યોગના વિકાસને સહયોગ આપી તેમની વૃદ્ધિ કરી છે. આશરે ૬૦૦ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્ઝના અનોખા ઉત્પાદનોનું પ્રદર્શન ટ્રેડ શોની સફળતાનો સજ્જડ પુરાવો છે.''

## મુલાકાતીઓ



વિનોદ ખંડેલવાલ
જનરલ મેનેજર,
હોમ બાઇંગ અને મર્ચેન્ડાઇઝિંગ
-@, મુંબઈ

''એચજીએચ ઇન્ડિયા દેશના બજાર માટે એક મહાન ટ્રેડ શો છે. વિતતા જતા દરેક વર્ષ સાથે એનો વિકાસ થતો ગયો છે અને અત્યારે તે એ સ્તર પર પહોંચી ગયો છે જ્યાં તમે તેની તુલના સરળતાપૂર્વક કોઈ આંતરરાષ્ટ્રીય ટ્રેડ શો સાથે કરી શકો છો. મેં ધાર્યું હતું કે બે દિવસમાં હું પૂરો શો જોઈ લઈશ, પણ મારો આ ભ્રમ હતો. શો એટલો વિશાળ છે અને તેના ત્રણ હોલમાં એટલા બધા ઉત્પાદનો રાખવામાં આવ્યા છે કે અહીં જોવા અને જાણવાનું ઘણુ જ છે. ટ્રેડ પેવેલિયન જોઇને પણ હું ઘણો પ્રભાવિત થયો છું, કારણ કે મને લાગે છે કે તે ઉદ્યોગોના ધોરણને અનુરૂપ છે અને આ વર્ષે અહીં ઉત્તમ ગુણવત્તા ધરાવતા આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો પણ ભારે સંખ્યામાં જોવા મળી રહ્યા છે.''



**હન્સ ઉદેશી ,**
પ્રેસિડન્ટ હોમ એન્ડ લિવિંગ
-સ્પાર ઇન્ડિયા, બેંગલોર

''દરેક વર્ષે એચજીએચ ઇન્ડિયા લોકોને કઇંક નવું ઓફર કરે છે એ જોઇને મને ઘણી ખુશી થાય છે. બીટુબી કોન્સેપ્ટ મને ઘણો પસંદ છે કારણ કે તેમા પ્રથમ વર્ષથી જ ઉત્ક્રાંતિની ભાવના જણાય છે તે અજોડ છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો દેખાય છે. પ્રદર્શનમાં રાખવામાં આવેલા રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ઉત્પાદનોની ગુણવત્તા પણ ઘણી સુધરી છે. આ વર્ષે હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર અને હાઉસવેરના ત્રણ અલગ વિશાળ હોલમાં ત્રણ અલગ વિભાગ રાખવામાં આવ્યા છે જે મને ઘણા પસંદ પડ્યા છે. હું એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯ની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યો છું.''



**સુલેમાન હિરાની**
મેનેજિંગ ડિરેક્ટર,
-દર્પણ ફર્નિશિંગ, હૈદરાબાદ


''એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં ઉપસ્થિત રહીને હું ઘણો પ્રસન્ન થયો છું અને મને લાગે છે કે એની શરૂઆતથી અત્યાર સુધીની વૃદ્ધિ અને પ્રગતિ પ્રશંસાજનક છે. આ વર્ષે ઘણા નવા ઉત્પાદનો, શ્રેણીઓ એમાં ઉમેરવામાં આવી છે અને ઘણા નવા પ્લેયરો પણ આ શોમાં આવ્યા છે. મને ખાતરી છે કે આ ટ્રેડ શોમાં વિતાવેલા ત્રણ દિવસ મને મારા બિઝનેસને પ્રગતિના સ્તર પર આગળ લઇ જવામાં ઘણા મદદરૂપ થશે. ઘણા પ્રદર્શકો સાથે મારા સારા સંબંધ બંધાઇ ગયા છે અને મારુ અંગતપણે માનવું છે કે હોમ ટેક્સટાઇલ્સ સ્પેસમાં આ પ્રકારનો આ એક ઉત્તમ ટ્રેડ શો છે.''

## પ્રદર્શકો



**કેવલ મહેતા**
જનરલ સેક્રેટરી
એઆઇડબલ્યુએ (ઓલ ઇન્ડિયા વોલપેપર કવરિંગ એસોસિયેશન)

''એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ના પરિણામથી, ખાસ કરીને આ વર્ષે, અમે ઘણા ખુશ છીએ. અને મને લાગે છે કે છેલ્લા છ વર્ષમાં આપણે બન્ને સાથે મળીને સતત પ્રગતિ કરતા રહ્યા છીએ. અમે આ વર્ષે એઆઇડબલ્યુએ દ્વારા ૩૦થી વધુ બ્રાન્ડ્ઝનું પ્રદર્શન કર્યુ હતું. આ વર્ષના ટ્રેડ પેવેલિયનથી હું ઘણો પ્રભાવિત થયો છું. આવતે વર્ષે અમારા પ્રદર્શકોમાં ઘણો વધારો થશે એમ મને લાગે છે.આમાંના કેટલાક ટ્રેન્ડ્સને અમે અમારા ડિસ્પ્લે કરવામાં આવેલા પ્રોડક્ટ્સમાં પણ અપનાવ્યા છે. એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯ની હું આતુરતાપૂર્વક રાહ જોઇ રહ્યો છું.''



**રાજેશ મહાજન**
મેનેજિંગ ડિરેક્ટર - મેસ્પાર

''૨૦૧૨ના એચજીએચ ઇન્ડિયાના પ્રથમ વર્ષથી અમે તેમની સાથે છીએ અને દરેક વર્ષે આ શોમાં સહભાગી થઇને અમને ઘણી ખુશી થાય છે. ત્રણે દિવસ દરમિયાન અમને ઘણો સારો પ્રતિભાવ મળ્યો. દરેક વર્ષે અમે ભારતના અલગ અલગ વિસ્તાર, શહેર, ગામના રિટેલર્સ અને ટ્રેડ બાયર્સને મળવાની આતુરતાપૂર્વક રાહ જોઇએ છીએ. અને મને લાગે છે કે આ હેતુ સર કરવા માટે આ ટ્રેડ શો એક આદર્શ પ્લેટફોર્મ છે. મને લાગે છે કે આ ઉદ્યોગ હજી વિકાસ પામી રહ્યો છે તેથી હું એચજીએચ ઇન્ડિયાનો આભાર માનુ છું કે તે મને નિરંતર અમારા નવા વિચારો અને ઉત્પાદનોને દર્શાવવાની તક આપીને શોના ત્રણ દિવસ દરમિયાન મુલાકાતીઓ સાથેના અમારા સંબંધોને વધુ સુદ્રઢ કરે છે.''



**પ્રતાપ મેનન**
ડિરેક્ટર- માર્શલ્સ

''છેલ્લાં છ-સાત વર્ષથી અમે એચજીએચ ઇન્ડિયાના પ્રદર્શનમાં ભાગ લઇ રહ્યા છીએ. અને દરેક વર્ષે આ ટ્રેડ શો સાથેના અમારો સંબંધ વધુને વધુ ગાઢ થતો જાય છે. આ વર્ષનો ટ્રેડ શો અમારે માટે ઘણો સફળ રહ્યો કારણ કે આ વર્ષે ઘણા ઉત્તમ મુલાકાતીઓ જોવા મળ્યા. અમે મારા નવા કેટેલોગનું પણ એચજીએચ ઇન્ડિયા ખાતે અનાવરણ કર્યુ, કારણ કે અમને લાગ્યું કે મારા કામ માટે આ એક આદર્શ પ્લેટફોર્મ છે અને આ વર્ષે જ અમે વોલપેપર રેન્જના ૨૫ નવા અને અલગ કેટેલોગ લોન્ચ કર્યા.''



**જયંત મોરે**
સેલ્સ મેનેજર- સેલો

''એચજીએચ ઇન્ડિયામાં અમારુ આ ત્રીજુ વર્ષ હતું અને મને ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. મને લાગે છે કે એ પ્રોડક્ટ કેટેગરીના રૂપમાં ઘણો સંક્ષિપ્ત લાગે છે, જેને કારણે પ્રદર્શનમાં આવનારા વ્યક્તિગત પસંદ ધરાવતા ગ્રાહકોને ઘણી સરળતા પડે છે. દેશભરના વિવિધ વિસ્તારના અને સંગઠિત રિટેલ, બીટુબી, ઇ-કોમર્સ, અને સામાન્યપણે વેપાર ક્ષેત્રના મુલાકાતીઓને મળવાની તક મળી. મને લાગે છે કે એચજીએચ ન્ડિયાની સારી બ્રાન્ડ વેલ્યુ છે અને એમાં ભાગ લેવાથી વિક્રેતાઓને સારી તક મળે છે.''



**અમિતાભ શુક્લા**
બિઝનેસ હેડ - બર્ગનર

''બર્જનર માટે આ વર્ષે મુલાકાતીઓની સંખ્યા ઘણી સારી રહી. ગયા વર્ષની તુલનામાં આ વર્ષ ઘણું સારું રહ્યું. એચજીએચના આરંભથી અત્યાર સુધીના સમયમાં તેનો સતત વિકાસ થતો ગયો છે. કેટલાક વર્ષ પહેલા અહીં હાઉસવેર અને ગીફ્ટ્સના માત્ર ત્રણ કે ચાર સ્ટોલ્સ હતા આ વર્ષે એક આખો હોલ હાઉસવેર અને ગીફ્ટ ઉત્પાદનોના પ્રદર્શન માટે અનામત રાખવામાં આવ્યો હતો. આ પ્રગતિ ખરેખર નોંધપાત્ર છે. આ વર્ષે પ્રદર્શન સમય દરમિયાન પહેલા દિવસે ભારે વરસાદ હોવા છતાં પણ અમને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. હું લાંબા સમય સુધી એચજીએચ ઇન્ડિયાના શોમાં સહભાગી થવાની આશા રાખુ છું.''



**રજનીશ અરોરા**
વાઇસ ચેરમેન-ડી સી ટેક્સ

''અહીં આવતા મુલાકાતીઓની ગુણવત્તામાં સુધારો થતો મેં નજરે નિહાળ્યો છે. આ વર્ષે પણ અમને મળેલો પ્રતિસાદ અભૂતપૂર્વ હતો. ભારે વરસાદ હોવા છતાં પણ મુલાકાતીઓ આવ્યા હતા. આ વાત એચજીએચ ઇન્ડિયાની વધતી જતી ખ્યાતિ અને મૂલ્યની સાબિતિ છે. આ કારણે એક વાત તો ચોક્કસ છે કે અમે દર વર્ષે અહીં આવીશુ અને આ ટ્રેડ શોમાં સહભાગી થઇશું. આ ટ્રેડ શોને સફળ બનાવવા માટે એચજીએચ ઇન્ડિયાની ટીમે ઉત્તમ કામ કર્યુ છે. હું માત્ર એટલું કહેવા માગુ છુ કે હોમ ટેક્સટાઇલ્સ એટલે કે હોલ-૧ના મુલાકાતીઓમાં વધારો થાય કેમ કે આ વર્ષે મેં માત્ર હોલ ૨ અને હોલ ૩ના મુલાકાતીઓમાં જ વધારો થયેલો જોયો. મુલાકાતીઓને આપવામાં આવતી સેવા પણ ઘણી ઉત્તમ હતી અને એ માટે એચજીએચ ઇન્ડિયાના જેટલા વખાણ કરીએ એટલા ઓછા છે.''



**નીતિન ગુપ્તા**
એક્ઝિક્યુટિવ ડિરેક્ટર- સ્પ્રીંગ ફીટ

''એચજીએચ ઇન્ડિયાનો વિકાસ અને દર વર્ષે તેની થઇ રહેલી પ્રગતિ અને તેના ગ્રાહકના ધોરણમાં સુધારો મેં નજરે નિહાળ્યો છે. મને પણ લાગે છે કે મુલાકાતીઓના ધસારાને જોતા કોઇ પણ પ્રદર્શક માટ તેના નવા કલેક્શનને અને વિવિધ નવી શ્રેણીઓને લોન્ચ કરવા માટે આ એક ઉત્તમ પ્લેટફોર્મ છે અને પ્રભાવશાળી માધ્યમ છે. આ વર્ષે અમે બ્રાન્ડ ન્યુ કેટેલોગ સાથે ઑટોગ્રાફ કલેક્શન લોંચ કર્યુ અને અમારા અન્ય પ્રોડક્ટ્સની સાથે અમારા આ નવા પ્રોડક્ટને મળેલો પ્રતિસાદ ઘણો ઉષ્માપૂર્ણ હતો અને તેને કારણે અમે ૨૦૧૯ના એચજીએચ ઇન્ડિયાના ટ્રેડ શોમાં પણ આવવા ઉત્સાહિત છીએ.''



**પ્રદીપ કુમાર**
સીઇઓ એચએમસીએમ
(હેન્ડિક્રાફ્ટ મેગા ક્લસ્ટર મિશન)

''આ એક ઉત્તમ ટ્રેડ શો છે. હેન્ડિક્રાફ્ટના નાના કલાકારોના એક સેક્ટરના ભાગરૂપે પ્રદર્શિત કરતા હોવા છતાં ત્રણે વિભાગને મળેલો પ્રતિસાદ ઘણો ઉત્સાહવર્ધક છે. આ ટ્રેડ શોમાં ભાગ લેવાની પહેલ કરીને હોમ ટેક્સટાઇલ્સ અને હોમ ડેકોર વિભાગમાં અમારા અનોખા ઉત્પાદનોનું ડિસ્પ્લે યોજીને અમને ઘણો ફાયદો થયો છે અને ખાસ કરીને હેન્ડિક્રાફ્ટ વિભાગને પણ એચજીએચ ઇન્ડિયાથી ઘણો ફાયદો થયો છે. એચજીએચ ઇન્ડિયા દ્વારા આ ક્ષેત્રને પીઠબળ પ્રાપ્ત થયું છે,''